યોજનાનું નામ

# સ્પોન્સરશિપ યોજના : (કેન્દ્ર સરકાર)

બાળ સંભાળ ગૃહમાં બાળક ૦૬ માસ કે તેથી વધુ સમય સુધી સંસ્થામાં રહેતા વિધવા માતાના, એચ.આઇ.વી. પોઝિટિવ કે રક્તપિત્ત ધરાવતા દંપતિના તેમજ જેલમાં રહેતા માતા- પિતાના બાળકોને શૈક્ષણિક હેતુથી કુટુંબમાં પુનસ્થાપન કરવા અર્થે માસિક રૂ.૪૦૦૦/- લેખે જરૂરી દસ્તાવેજોની પૂર્તતા તથા સમિતિએ મંજૂર કર્યા બાદ ત્રણ વર્ષ માટે યોજનાનો લાભ કુટુંબના વધુમાં વધુ બે બાળકોને મળવાપાત્ર છે.

**<u>પાત્રતાના માપદંડ</u>**

→ બાળકના માતા વિધવા હોય, છુડાછેડા લીધેલ હોય અથવા બાળક/માતાને કુટુંબ દ્વારા ત્યજી દેવામાં આવેલ હોય ઉપરાંત કોઇ પણ કારણોસર માતા/પિતા બાળકની સારસંભાળ લેવા સક્ષમ ન હોય.

→ બાળક એક માસ કે તેથી વધુ સમય સુધી સંસ્થામાં રહેલું હોય.

→ (SERO POSITIVE ILLNESS, કેન્સર, સીકલસેલ, રક્તપિત, થેલેસેમિયા) તેમજ અન્ય જીવલેણ બિમારીઓથી પિડાતા હોય તેવા માતા-પિતાના બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

→ જ્યાં બાળકના માતા-પિતા, બંને અથવા માતા અથવા પિતા ગંભીર અકસ્માતના કારણે અવસાન પામેલ હોય અથવા ગંભીર અકસ્માતના કારણે અશકત બનેલ હોય અથવા (૫૦% માનસિક/ ૮૦% શારીરિક દિવ્યાંગતા ધરાવતા હોય તેવા અને આર્થિક ઉપાર્જન ન કરી શકવાના કારણે બાળકોની સંભાળ લેવા માટે સક્ષમ ન હોય.

→ માતા-પિતા બંને જેલમાં હોય અથવા બંને માંથી કોઇ એક જેલમાં હોય અને બીજાનું અવસાન થયેલ હોય, તેવા બાળકને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

→ બાળકે ફરજિયાત શિક્ષણ મેળવવાનું રહેશે. અભ્યાસ બંધ થતા સહાય બંધ કરવામાં આવશે.

→ બાળકના પરિવારની વાર્ષિક આવક (ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક રૂ. ૭૨૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ.૯૬૦૦૦/-) થી વધુ ન હોવી જોઇએ.

**<u>સહાયનું ધોરણ :</u>**

બાળકના બેન્ક ખાતામાં માસિક રૂ.૪૦૦૦/- સહાય પેટે DBT થી ચુકવામાં આવે છે.

**<u>રજુ કરવાના ડોક્યુમેન્ટ :</u>**

→ બાળકનો જન્મનો દાખલો / શાળા છોડયાનું પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક

→ આવકના દાખલાની નકલ (ગ્રામીણ વિસ્તાર માટે ૭૨૦૦૦/-સુધી અને શહેરી વિસ્તાર માટે ૯૬૦૦૦/- થી સુધીની આવક હોવી જરૂરી છે.

→ બાળક અને પાલક માતાપિતાના સયુંક્ત બેંક ખાતાની પ્રમાણિત નકલ

→ બાળકના આધારકાર્ડની નકલ

→ માતાપિતાના રેશનકાર્ડ પ્રમાણિત નકલ

→ બાળક હાલમાં જે ધોરણમાં અભ્યાસ કરતો હોય તેનું પ્રમાણપત્ર ની નકલ

→ બાળકના માતાઅથવા પિતા મૃત્યુ પામેલ હોય તો મરણના દાખલાની પ્રમાણીત નકલ બિડવાનું રહશે.

→ બાળકના માતા અથવા પિતા જીવલેણ બિમારીઓથી પિડાતા હોયતે અંગેનું દસ્તાવેજ

**<u>સંપર્ક સૂત્ર: તમારા જિલ્લાના જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) નાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી</u>**

**Imp Link:**

1. **https://sje.gujarat.gov.in/dsd/Child-welfare (Directorate of Social Defense - Website)**

2. **https://gscps.gujarat.gov.in/Index (Gujarat State Child Protection Society – GSCPS website)**

**સ્પોન્સરશિપ યોજના : (રાજ્ય સરકાર)**

**બાળ સંભાળ ગૃહમાં બાળક એક માસ કે તેથી વધુ સમય સુધી સંસ્થામાં રહેતા વિધવા માતાના, એચ.આઇ.વી. પોઝિટિવ કે રક્તપિત્ત ધરાવતા દંપતિના તેમજ જેલમાં રહેતા માતા- પિતાના બાળકોને શૈક્ષણિક હેતુથી કુટુંબમાં પુનઃસ્થાપન કરવા અર્થે માસિક રૂ.૩૦૦૦/- લેખે જરૂરી દસ્તાવેજોની પૂર્તતા તથા સમિતિએ મંજૂર કર્યા બાદ ત્રણ વર્ષ માટે યોજનાનો લાભ કુટુંબના વધુમાં વધુ બે બાળકોને મળવાપાત્ર છે.**

**પાત્રતાના માપદંડ:**

- → **બાળકના માતા વિધવા હોય, છુટાછેડા લીધેલ હોય અથવા બાળક/માતાને કુટુંબ દ્વારા ત્યજી દેવામાં આવેલ હોય ઉપરાંત કોઇ પણ કારણોસર માતા/પિતા બાળકની સારસંભાળ લેવા સક્ષમ ન હોય.**
- → **બાળક એક માસ કે તેથી વધુ સમય સુધી સંસ્થામાં રહેલું હોય.**
- → **(SERO POSITIVE ILLNESS, કેન્સર, સીકલસેલ, રક્તપિત, થેલેસેમિયા) તેમજ અન્ય જીવલેણ બિમારીઓથી પિડાતા હોય તેવા માતા-પિતાના બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.**
- → **જ્યાં બાળકના માતા-પિતા, બંને અથવા માતા અથવા પિતા ગંભીર અકસ્માતના કારણે અવસાન પામેલ હોય અથવા ગંભીર અકસ્માતના કારણે અશકત બનેલ હોય અથવા (૫૦% માનસિક/ ૮૦% શારીરિક દિવ્યાંગતા ધરાવતા હોય તેવા અને આર્થિક ઉપાર્જન ન કરી શકવાના કારણે બાળકોની સંભાળ લેવા માટે સક્ષમ ન હોય.**
- → **માતા-પિતા બંને જેલમાં હોય અથવા બંને માંથી કોઇ એક જેલમાં હોય અને બીજાનું અવસાન થયેલ હોય, તેવા બાળકને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.**
- → **બાળકે ફરજિયાત શિક્ષણ મેળવવાનું રહેશે. અભ્યાસ બંધ થતા સહાય બંધ કરવામાં આવશે.**
- → **બાળકના પરિવારની વાર્ષિક આવક (ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક રૂ. ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦/-) થી વધુ ન હોવી જોઇએ.**

**સહાયનું ધોરણ :**

- → **માસિક રૂ.3,૦૦૦/- સહાય મળવાપાત્ર છે.**

**રજુ કરવાના ડોક્યુમેન્ટ :**

- → **બાળકનો જન્મનો દાખલો / શાળા છોડયાનું પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક**
- → **આવકના દાખલાની નકલ (ગ્રામીણ વિસ્તાર માટે ૧૨૦૦૦૦/-સુધી અને શહેરી વિસ્તાર માટે ૧૫૦૦૦૦/- થી સુધીની આવક હોવી જરૂરી છે.**
- → **બાળક અને પાલક માતાપિતાના સયુંક્ત બેંક ખાતાની પ્રમાણિત નકલ**
- → **બાળકના આધારકાર્ડની નકલ**
- → **માતાપિતાના રેશનકાર્ડ પ્રમાણિત નકલ**
- → **બાળક હાલમાં જે ધોરણમાં અભ્યાસ કરતો હોય તેનું પ્રમાણપત્ર ની નકલ**
- → **બાળકના માતાઅથવા પિતા મૃત્યુ પામેલ હોય તો મરણના દાખલાની પ્રમાણીત નકલ બિડવાનું રહશે.**
- → **બાળકના માતા અથવા પિતા જીવલેણ બિમારીઓથી પિડાતા હોયતે અંગેનું દસ્તાવેજ**

**સંપર્ક સૂત્ર: તમારા જિલ્લાના જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) નાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી**

## ફોસ્ટર કેર :

## કેન્દ્ર સરકારની ફોસ્ટર કેર(ફોસ્ટર ફેમિલી/ગ્રુપ ફોસ્ટર કેર) યોજના :

→ કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા ૬ થી ૧૮ વર્ષની વયજૂથના બાળસંભાળ સંસ્થામાં રહેતા બાળકોની વ્યક્તિગત સંભાળ યોજના(ICP)ના આધારે બાળકને પાલક કુટુંબ અથવા જુથ સંભાળમાં મુકવામા આવે છે.

**પાત્રતાના માપદંડ :**

→ ૬ થી ૧૮ વર્ષની વયજૂથના બાળસંભાળ સંસ્થામાં રહેતા બાળકોની વ્યક્તિગત સંભાળ યોજના(ICP)ના આધારે બાળકને પાલક કુટુંબ અથવા જુથ સંભાળમાં મુકી શકાશે,

→ જે બાળક કુટુંબમાં તેના માતા-પિતા સાથે રહેતા હોય અને માતા-પિતા જીવલેણ બિમારી (SERO POSITIVE ILLNESS, કેન્સર, સીકલસેલ, રક્તપિત, થેલેસેમિયા) અથવા અન્ય કોઇ જીવલેણ બિમારીથી પીડાતા હોય અને બાળકની સંભાળ લેવા માટે અસક્ષમ હોય તેવા માતાપિતાના બાળકોને જૂથ સંભાળ અથવા પાલક કુટુંબમાં મુકી શકાશે,

→ ફોસ્ટર ફેમીલીની વાર્ષિક આવક ગ્રામ્ય કક્ષાએ રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી કક્ષાએ રૂ.૧,૫૦,૦૦૦/- થી વધુ હોવી જોઇએ.

→ જે બાળકો સમાજમાં રહે છે અને શારીરિક જાતિય દુરાચાર, કુદરતી આપત્તિઓ અને ઘરેલું હિંસાના શિકાર બનેલ વ્યકિતના બાળકોનો આ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવશે.

→ સ્વૈછિક અથવા બિનસકારી સંસ્થાની જે તે વખતે અમલમાં રહેલ કોઇપણ કાયદા હેઠળ નોંધણી થયેલ હોય (જેનું નીતિ આયોગમાં રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે) અને સંસ્થાની નિયત કરેલ પધ્ધતિ મુજબ બાળકની સંભાળ રાખવાની અનુકૂળતાની યોગ્ય તપાસ કર્યા બાદ તેને બાળકની જવાબદારી સંભાળવા માન્ય ઠરાવી શકાશે

→ જુથ સંભાળમાં સંસ્થા ઓછામાં ઓછા ત્રણ (૩) અને વધુમાં વધુ આઠ (૮) બાળકને રાખી શકાશે.

**સહાયનું ધોરણ :**

→ માસિક રૂ.૪,૦૦૦/- સહાય મળવાપાત્ર છે. (રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો સંયુક્ત ફાળો) જિલ્લા કક્ષાની સ્પોન્સરશિપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ કમિટી દ્વારા મંજૂરી મળ્યેથી.

→ **સંપર્ક સૂત્ર: તમારા જિલ્લાના જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) નાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી**

## રાજ્ય સરકારની ફોસ્ટર કેર(ફોસ્ટર ફેમિલી/ગ્રુપ ફોસ્ટર કેર) યોજના :

→ કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા ૬ થી ૧૮ વર્ષની વયજૂથના બાળસંભાળ સંસ્થામાં રહેતા બાળકોની વ્યક્તિગત સંભાળ યોજના(ICP)ના આધારે બાળકને પાલક કુટુંબ અથવા જુથ સંભાળમાં મુકવામા આવે છે.

### પાત્રતાના માપદંડ :

→ ૬ થી ૧૮ વર્ષની વયજૂથના બાળસંભાળ સંસ્થામાં રહેતા બાળકોની વ્યક્તિગત સંભાળ યોજના(ICP)ના આધારે બાળકને પાલક કુટુંબ અથવા જુથ સંભાળમાં મુકી શકાશે,

→ જે બાળક કુટુંબમાં તેના માતા-પિતા સાથે રહેતા હોય અને માતા-પિતા જીવલેણ બિમારી (SERO POSITIVE ILLNESS, કેન્સર, સીકલસેલ, રક્તપિત, થેલેસેમિયા) અથવા અન્ય કોઇ જીવલેણ બિમારીથી પીડાતા હોય અને બાળકની સંભાળ લેવા માટે અસક્ષમ હોય તેવા માતાપિતાના બાળકોને જૂથ સંભાળ અથવા પાલક કુટુંબમાં મુકી શકાશે,

→ ફોસ્ટર ફેમીલીની વાર્ષિક આવક ગ્રામ્ય કક્ષાએ રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી કક્ષાએ રૂ.૧,૫૦,૦૦૦/- થી વધુ હોવી જોઇએ.

→ જે બાળકો સમાજમાં રહે છે અને શારીરિક જાતિય દુરાચાર, કુદરતી આપત્તિઓ અને ઘરેલું હિંસાના શિકાર બનેલ વ્યક્તિના બાળકોનો આ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવશે.

→ સ્વૈછિક અથવા બિનસકારી સંસ્થાની જે તે વખતે અમલમાં રહેલ કોઇપણ કાયદા હેઠળ નોંધણી થયેલ હોય (જેનું નીતિ આયોગમાં રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે) અને સંસ્થાની નિયત કરેલ પધ્ધતિ મુજબ બાળકની સંભાળ રાખવાની અનુકૂળતાની યોગ્ય તપાસ કર્યા બાદ તેને બાળકની જવાબદારી સંભાળવા માન્ય ઠરાવી શકાશે

→ જુથ સંભાળમાં સંસ્થા ઓછામાં ઓછા ત્રણ (૩) અને વધુમાં વધુ આઠ (૮) બાળકને રાખી શકાશે.

### સહાયનું ધોરણ :

→ માસિક રૂ.૬,૦૦૦/- સહાય મળવાપાત્ર છે જિલ્લા કક્ષાની સ્પોન્સરશિપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ કમિટી દ્વારા મંજૂરી મળ્યેથી.

→ **સંપર્ક સૂત્ર: તમારા જિલ્લાના જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) નાં જિલ્લા બાળ સુરક્ષા અધિકાર**

**આફ્ટર કેર યોજના :**

## કેન્દ્ર અને રાજ્ય સરકારની આફટર કેર યોજના:

બાળ સંભાળ આશ્રય લીધા બાદ અનાથ બાળક જે અઢાર વર્ષની વય પૂર્ણ કર્યેથી બાળ ગૃહ છોડે ત્યારે તેને સમાજની મુખ્ય ધારામાં પુનસંકલન કરવા માટે પશ્ચાતવર્તી સંભાળ ગૃહમાં રહેતા ૧૮ થી ૨૧ વર્ષની વય સુધીના પુખ્ત યુવાનોને ખોરાક, રહેઠાણ, શિક્ષણ, સ્વાસ્થ્ય બાબતે માસિક રૂ.૬,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. આવશે. ૨૧ વર્ષ પુર્ણ કરતા પહેલા પુખ્ત યુવાન કે યુવતીએ રહેવાની જગ્યા અને રોજગાર મેળવવામાં સફળ થયા હોય તેવા કિસ્સામાં સહાય બંધ કરવામાં આવશે.

**પાત્રતાના માપદંડ :**

→ બાળ સંભાળ સંસ્થામાં રહેતા બાળકને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

→ બાળ સંભાળ ગૃહ છોડ્યા બાદ બાળક સમાજમાં અથવા ૩ થી ૮ બાળકોના સમુદાયમાં રહેવા ઇચ્છતા હોય કે રહેતા હોય તો તેવા બાળકોને પણ સહાય મંજુર કરી શકાશે.

→ ૨૧ વર્ષ પુર્ણ કરતા પહેલા પુખ્ત યુવાન કે યુવતીએ રહેવાની જગ્યા અને રોજગાર મેળવવામાં સફળ થયા હોય તેવા કિસ્સામાં સહાય બંધ કરવામાં આવશે

→ બાળાના કિસ્સામાં ૨૧ વર્ષ પૂર્ણ થયા પહેલાં લગ્ન થયાના કિસ્સામાં સહાય બંધ કરવાની રહેશે

**સહાયનુંધોરણ :**

→ માસિક રૂ.૬,૦૦૦/- સહાય મળવાપાત્ર છે. (રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો સંયુક્ત ફાળો) જિલ્લા કક્ષાની સ્પોન્સરશિપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ કમિટી દ્વારા મંજૂરી મળ્યેથી.

→ **સંપર્ક સૂત્ર: તમારા જિલ્લાના જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) નાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી**